## ગાંધીનગરમાં આજથી ત્રણ દિવસના નવનીત જ્ઞાનોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૦

ઉચ્ચ ગુણવત્તા અને આંતરરાષ્ટ્રીય કક્ષાના નવનીતના પુસ્તકો તથા પેપર સ્ટેશનરીનો અદ્ભુત ખજાનો નવનીત જ્ઞાનોત્સવ ગાંધીનગર વિશ્વકર્મા હોલ, સેક્ટર-૧૨ ખાતે યોજાશે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨માં આવેલા વિશ્વકર્મા હોલ ખાતે આજે તા. ૨૧મી ડિસેમ્બરથી ૨૩મી ડિસેમ્બર-૨૦૧૨ દરમિયાન નવનીત જ્ઞાનોત્સવ સવારે ૯ થી રાત્રીના ૯ વાગ્યા સુધી યોજાશે. સમગ્ર જ્ઞાનોત્સવમાં નવનીતના અવનવા પુસ્તકો તથા પેપર સ્ટેશનરીનો અદ્ભૂત ખજાનો મુકવામાં આવશે. ગાંધીનગર અને તેની આસપાસના રહીશોને આ નવનીત જ્ઞાનોત્સવનો લાભ લેવા આયોજકો દ્વારા ખાસ જણાવાયું છે.

## સ્કૂલ ઓફ એચિવરમાં વાલી મિલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે આવેલી સ્કૂલ ઓફ એચિવર ગુજરાત અને અંગ્રેજી માધ્યમની શાળામાં કે.જી.થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓનો સ્નેહમિલન કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

વાલી મિલન કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સભાથી થઈ હતી. શાળાના વિદ્યાર્થીઓના વાલીઓને આ પ્રસંગે સ્વાગત ગીત દ્વારા આવકાર આપી શાળા પ્રગતિ અહેવાલ અને વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. સંસ્થાના ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે પણ આ પ્રસંગે શિક્ષકોની સજ્જતા તાલીમ અને મૂલ્યનિષ્ઠ કેળવણીની રજૂઆત કરી હતી.

## માઉન્ટ કાર્મેલ શાળાનો વાર્ષિક રમતોત્સવ ૨૨મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ શાળાનો વાર્ષિક રમતોત્સવ તા. ૨૨મી ડિસેમ્બરે સવારે ૮.૩૦ કલાકે શાળાના પટાંગણમાં ઉજવાશે.

વાર્ષિક સ્પોર્ટસ ડે નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓમાં વિવિધ રમત સ્પર્ધાઓ યોજાશે. જેના પ્રારંભે આમંત્રિત મહેમાનો સર્વશ્રી બિરેન્દ્રસિંહ યાદવ, અર્જૂન એવોર્ડ વિજેતા પારૂલ પરમાર અને એકલવ્ય એવોર્ડ વિજેતા વિનયભાઈ ખાસ ઉપસ્થિત રહેશે. સ્વાગત વિધિ, માર્ચ પાસ્ટ, ફલેગ હોસ્ટીંગ, રમત સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈનામ વિતરણ, મુખ્ય મહેમાનનું વકતવ્ય અને આભારવિધિ કાર્યક્રમ યોજાશે.

## પેથાપુરની મ.ભ. પ્રાથમિક શાળાનો શતાબ્દી મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલી શેઠ મનસુખભાઈ ભગુભાઈ મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત બાલમંદિર, પ્રાથમિક શાળા, અમર પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળાના સર્વે ટ્રસ્ટી ગણના માર્ગદર્શન હેઠળ સંસ્થાએ ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કરતા સંસ્થાનો શતાબ્દી મહોત્સવ યોજાશે.

શતાબ્દી મહોત્સવના ભાગરૂપે પ્રથમ સોપાન સમા 'પ્રોજેકટ એકઝીબીશન'ના કાર્યક્રમનું તા. ૨૨મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ સવારે ૧૧.૩૦થી ૨.૩૦ કલાક દરમિયાન શેઠ મ.ભ. માધ્યમિક તેમજ પ્રાથમિક શાળામાં ઉજવણી કરવામાં આવશે. જેનું સંચાલન પ્રાથમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય અને શિક્ષકગણે સાથે મળીને કર્યું છે.

# ગાંધીનગર ઉત્તરના વિજયી અશોક પટેલે મતદારોનો આભાર માન્યો

## આજે વિધાનસભા ક્ષેત્રમાં વિજય સરઘસનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતક્ષેત્રના વિજયી ઉમેદવાર અને ધારાસભ્ય શ્રી અશોક આર. પટેલે મતદારોનો આભાર વ્યક્ત કર્યો છે. આવતીકાલે સવારે ૮.૩૦ કલાકે તેમનું વિજય સરઘસ અક્ષરધામ મંદિરથી નીકળશે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના વિજયી ઉમેદવાર શ્રી અશોક આર. પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તેમને વિજય અપાવનાર તમામ મતદારોનો તેઓ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. મતદારોએ તેમનામાં જે વિશ્વાસ મુકયો છે તેને પરીપૂર્ણ કરવા તેઓ પ્રયાસ કરશે. ગાંધીનગર ઉત્તર વિધાનસભા



મતક્ષેત્રના ધારાસભ્ય શ્રી અશોક આર. પટેલનું વિજય સરઘસ સવારે ૮.૩૦ કલાકે અક્ષરધામ મંદિરથી નીકળશે. તે પછી સેક્ટર-૩૦, સેક્ટર-૨૯, સેક્ટર-૨૮, સેક્ટર-૨૭, સેક્ટર-૨૬, સેક્ટર-૨૪, સેક્ટર-૨૫, સેક્ટર-૨૩, સેક્ટર-૨૨, સેક્ટર-૨૧, સેક્ટર-૨૦, સેક્ટર-૧૯, સેક્ટર-૧૭, સેક્ટર-૧૬, સેક્ટર-૧૫, ફતેપુરા, સેક્ટર-૧૪, સેક્ટર-૧૩, સેક્ટર-૧૨, સેક્ટર-૧૧, સેક્ટર-૯, સેક્ટર-૮, સેક્ટર-૭, સેક્ટર-૬, સેક્ટર-૪, સેક્ટર-૫, સેક્ટર-૩, સેક્ટર-૩-એ-ન્યુ, ઈન્ફોસીટી, સેક્ટર-૨, સેક્ટર-૧, ઈન્દ્રોડા, ધોળાકુવા થઈ ગ્રામ્ય વિસ્તારોમાં ફરશે.

# કલોલમાં ૧૦ હજારની સરસાઈ તોડીને બળદેવજી ઠાકોરે બાજી મારી

## ૩૪૩ મતે વિજય : રીકાઉન્ટીંગ કરાવ્યું : ટેકેદારોએ ગુલાલની છોળો ઉડાડી ઢોલ-નગારાથી જીત વધાવી લઈ ઉમેદવારને ફૂલહાર ચઢાવ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની કલોલ વિધાનસભા બેઠકની મત ગણતરી દરમ્યાન પ્રથમ ચાર રાઉન્ડ કસ્મકશ ચાલતા ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો પૈકી ભાજપના અતુલ પટેલે પાચમાં રાઉન્ડથી જબરદસ્ત વળાંક લેવાના શરૂ કર્યા હતા અને આઠમા રાઉન્ડમાં ૧૦ હજારની લીડથી ચાલનાર અતુલ પટેલને પછીના રાઉન્ડથી કોંગ્રેસના બળદેવજીએ એક પછી એક પંજા મારવાનું શરૂ કર્યું અને ૧૦ હજારની લીડને પણ તોડી નાંખીને ૩૪૩ મતથી બાજી મારી લીધી હતી. મતગણતરી કેન્દ્રની બહાર બળદેવજીના ટેકેદારોએ વિજયને વધાવી લઈ ગુલાલની છોળો ઉડાડી ઢોલ નગારાના તાલે ઝુમ્યા હતા.

કલોલ વિધાનસભાની બેઠકમાં ૧,૮૭,૨૧૨ મતદારો હતા. જેમાંથી ૧,૪૩,૦૯૭ નાગરીકોએ મતદાન કર્યું હતું. તે પૈકી ૬ મત રદ થયા હતા. આજે વહેલી સવારે સે. ૧૫ની સરકારી કોલેજ ખાતે રાખવામાં આવેલા મતગણતરી દરમ્યાન સવારથી જ કોંગ્રેસના ઉમેદવાર બળદેવજી ઠાકોર અને ભાજપના ઉમેદવાર અતુલ પટેલ સહીત તમામ અપક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો-ટેકેદારો સાથે આવી પહોંચ્યા હતા. મતગણતરીની શરૂઆતથી જ કલોલ બેઠકમાં ભાજપ આગળ ચાલતુ હતુ જેને આઠ રાઉન્ડ સુધી ૧૦ હજાર મતની લીડ આપી દીધી હતી. જેનાથી કોંગ્રેસના ઉમેદવાર સહીત ટેકેદારોના મોં ફીક્કા પડી ગયા હતા. પરંતુ નવમાં રાઉન્ડથી ટર્નીંગ પોઈન્ટ આવ્યો અને ભાજપને ટક્કર આપવાનું શરૂ કરી દીધા બાદ ૧૦ હજારની લીડ કાપીને અંતિમ રાઉન્ડમાં ૩૪૩ મત આગળ આવી જઈને બળદેવજી ઠાકોરે વિજય મેળવ્યો હતો. અતુલ પટેલે ૬૪,૪૧૪ જયારે બળદેવજીએ ૬૪,૭૫૭ મત મેળવ્યા હતા. ખુબ જ પાતળી લીડથી જીત થતા આ બેઠકના પોસ્ટલ બેલેટ વોટનું રીકાઉન્ટીંગ માંગવામાં આવતા ફરીવાર મત ગણતરી થવા પામી હતી. જો કે તેમાં પણ પરીણામમાં કોઈ ફેરફાર થવા પામ્યો ન હતો. બળદેવજીને મતગણતરી સ્થળના સંકુલ બહાર કાર્યકરો અને ટેકેદારોએ ફૂલહારથી વધાવી લઈને ગુલાલની છોળો ઉડાડી ઢોલ-નગારાના તાલે ઝુમ્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીનો અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભરનાર ગમાજી ઠાકોરે ૫૫૮૬ મત મેળવ્યા હતા.



(તસવીર : દિપક જાની)

આશરે ૫૦,૦૦૦ બેંક કર્મચારીઓએ આપેલા બેંક હડતાળના એલાનને લીધે આજે સમગ્ર ભારતભરમાં બેંકીંગ કાર્યવાહી અને નાણાંકીય વ્યવહાર ઠપ્પ થઈ ગયેલ હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સિવાય બધી બેંકોએ હડતાળમાં સક્રિય રીતે ભાગ લીધો હતો.

## ગાંધીજીના પૌત્ર રાજમોહન ગાંધીનું ૫મીએ વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, અમદાવાદ દ્વારા ૧૩ મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન તા. ૫મી જાન્યુઆરી ૨૦૧૩ને શનિવારે એસ.ટી. પારેખ કન્વેન્શન સેન્ટર, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, અટીરા પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

મહાત્મા ગાંધીના પૌત્ર અને અમેરિકાની ઈલિનોય યુનિવર્સિટીના ઈતિહાસના પ્રાધ્યાપક અને પૂર્વ સંસદસભ્ય શ્રી રાજમોહન ગાંધી ૧૩મા પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન અંતર્ગત 'આપણા ઈતિહાસમાંથી શીખવા જોગ થોડુંક' વિષય પર મનનીય વકતવ્ય આપશે. આ પ્રસંગે ગાંધી શાંતિ પ્રતિષ્ઠાનના પ્રમુખ રાધાબહેન ભટ્ટ સમારંભનું અધ્યક્ષપદ સંભાળશે. વ્યાખ્યાનનો લાભ દરેક નાગરિક લઈ શકશે તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.

## એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળામાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં પૂ. દાસકાકા શિયાળુ રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો. શાળાની ૯૮૦ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ રમતોમાં વિજેતા બની ઈનામ મેળવ્યા હતા.

પૂ. દાસકાકા શિયાળુ રમતોત્સવમાં શાળાની વિદ્યાર્થિનીઓએ લંગડી દોડ, ગોળાફેંક, સંગીત ખુરશી, ૧૦૦મી દોડ, ત્રિપગી દોડ, દોરડાકૂદ, કોથળા દોડ, સ્લો સાયકલ, લીંબુ ચમચો વગેરેમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહેમાન તરીકે હાજર રહેલા આચાર્યા નીવાબહેને વિદ્યાર્થિનીઓને રમતનું મહત્વ સમજાવ્યું હતું અને રમતોત્સવને ખુલ્લો મુકયો હતો. તમામ રમતોમાં વિજેતા વિદ્યાર્થિનીઓને શાળા તરફથી પ્રમાણપત્ર અને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થિનીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## આદર્શ નિવાસી અ.જા. કન્યા શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩માં આવેલી આદર્શ નિવાસી અનુસૂચિત જાતિ કન્યા શાળાનો તાજેતરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ આંબેડકર ભવન સેક્ટર-૧૨, ખાતે યોજવામાં આવ્યો હતો

આદર્શ નિવાસી કન્યા શાળામાં યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોકગીત, વેશભૂષા, એકપાત્રીય અભિનય, માઈમ, સમૂહગીત, વેસ્ટમાંથી બેસ્ટ, ગરબા, વાર્તા કથન અને કાવ્યપઠન જેવી ૯ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધાઓમાં ઉત્તમ પ્રદર્શન કરનારને પ્રથમ, દ્વિતીય અને



તૃતીય નંબર આપી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. લોકગીત સ્પર્ધામાં અરૂણા દુલેરા પ્રથમ ક્રમે, રવિના રાઠોડ દ્વિતીય ક્રમે, વેશભૂષામાં કિન્ના ચૌધરી પ્રથમ ક્રમે, જનક પરમાર દ્વિતીય ક્રમે, એકપાત્રીય અભિનયમાં અંજલી રાઠોડ પ્રથમ ક્રમે, ધારા પરમાર દ્વિતીય ક્રમે, પ્રિયંકા આસોડિયા તૃતીય ક્રમે, વેસ્ટમાંથી બેસ્ટમાં જનક પરમાર પ્રથમ ક્રમે, રાધિકા પરમાર દ્વિતીય ક્રમે, પ્રિયંકા સોલંકી તૃતીય ક્રમે વિજેતા થયા હતા. આ ઉપરાંત સમૂહ ગીતમાં ધો. ૧૧ પ્રથમ ક્રમે, ધો. ૧૦ દ્વિતીય ક્રમે, ધો. ૯-૧૦ તૃતીય નંબર મેળવેલ હતો. ગરબા સ્પર્ધામાં ધો. ૧૦-બ પ્રથમ ક્રમે, ધો. ૯-બ દ્વિતીય ક્રમે, ધો. ૧૦-બ તૃતીય નંબર પ્રાપ્ત કર્યોહતો. વાર્તાકથનમાં વિદ્યાર્થિનીઓએ અવનવી બોધ સાથેની સુંદર વાર્તાઓ રજૂ કરી હતી. જેમાં રાઠોડ રવિના, પરમાર ડિમ્પલ, જાદવ જ્યોતિ, પરમાર રાધિકાએ અનુક્રમે શ્રેષ્ઠ વાર્તાઓ રજૂ કરી હતી. કાવ્યપઠનમાં પરમાર નીરૂ, કુમાર ખાણિયા ગીતા, રાઠોડ અરૂણા અને રાઠોડ અંજલિએ શ્રેષ્ઠ કાવ્યપઠન કર્યું હતું.

સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું સફળ સંચાલન અમિતાબેન પરમારે ક્યું હતું. કાર્યક્રમનાં આયોજનમાં રંજનાબેન ગુપ્તા તથા દિપ્તીબેન વૈષ્ણવે સહયોગ આપ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તથા વિજેતા થનાર વિદ્યાર્થિનીઓને આચાર્ય અને શાળા પરિવાર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

(તસવીર : દિપક જાની)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૩૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૪૫,૩.૩૦, ૬.૧૫, ૯.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
ખેલાડી ૭૮૬ : ૨.૦૦
: સ્ક્રીન-૩ :
દબંગ -૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦
: સ્ક્રીન-૪ :
દબંગ -૨ : ૮.૦૦,૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
દબંગ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

### ચિરાગ, કલોલ

દબંગ -૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી ભાગદોડ લાભદાયી અને સાર્થક રહેશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**વૃષભ** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કર્ક** : સહયોગ અને સારા સંબંધોને કારણે લાભ અને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**સિંહ** : રોજગાર સબંધી કાર્યોમાં લાભ થશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. શારીરિ સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવું.

**કન્યા** : વિશેષ યાત્રાઓ બાદ લંબિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

**તુલા** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. આર્થિક કાર્યો અંગે સામાન્ય હેરાનગતિનો યોગ.

**વૃશ્ચિક** : શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**ધન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**મકર** : નવી યોજનાઓની શરૂઆત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કુંભ** : વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**મીન** : આર્થિક સંતોષ રહેશે. કામની ગતિ અનુકૂળ રહેશે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. નરેન્દ્રભાઈ હરગોવિંદભાઈ દાણી (ઉ.વ. ૮૦) મુ.પો. ગિયોડ, તા., જિ. ગાંધીનગર.